તુલસીવાડીમાં વડોદરા પાલિકાની ઘોર બેદરકારી

VMCનું કન્ટેનર અથડાતા મકાનની દીવાલ ધરાશાયી

રામદેવ પીરની ચાલ પાસે કન્ટેનર મૂકતી વખતે બની ઘટના; પરિવારનો આબાદ બચાવ થતાં તંત્રએ રાહતનો શ્વાસ લીધો

(પ્રતિનિધિ) વડોદરા તા.21

સંસ્કારી નગરી વડોદરાના તુલસીવાડી વિસ્તારમાં આજે બપોરે એક મોટી દુર્ઘટના ઘટતા-ઘટતા રહી ગઈ હતી. વડોદરા મહાનગરપાલિકાની બેદરકારી સામે લાવતી આ ઘટનામાં, કામગીરી દરમિયાન એક કન્ટેનર મકાન સાથે અથડાતા મકાનની દીવાલ જમીનદોસ્ત થઈ ગઈ હતી. સદનસીબે આ દુર્ઘટનામાં પરિવારનો આબાદ બચાવ થતાં તંત્રએ રાહતનો શ્વાસ લીધો છે, પરંતુ સ્થાનિક રહીશોમાં પાલિકાની ઘોર બેદરકારીને લઈને ભારે રોષ જોવા મળી રહ્યો છે. મળતી માહિતી અનુસાર, વડોદરા શહેરના તુલસીવાડી વિસ્તારમાં આવેલી રામદેવ પીરની ચાલ નજીક વડોદરા મહાનગરપાલિકા દ્વારા જાહેર સુવિધા અર્થે શૌચાલયનું કન્ટેનર મુકવાની કામગીરી હાથ ધરવામાં આવી રહી હતી. આ કામગીરી દરમિયાન અચાનક અસાવધાનીને કારણે કન્ટેનર નજીકમાં આવેલા એક મકાનની દીવાલ સાથે જોરદાર ધડાકા સાથે અથડાયું હતું. કન્ટેનરના કાનફાડુ અવાજ અને બળવાન ધક્કાને કારણે મકાનની દીવાલ ક્ષણભરમાં જ ધડાકાભેર ધરાશાયી થઈ ગઈ હતી. દીવાલ ધરાશાયી થતાં જ આસપાસના વિસ્તારમાં ભારે અફરાતફરી અને દોડધામ મચી ગઈ હતી. ધડાકાનો અવાજ સાંભળીને આસપાસના સ્થાનિક લોકો તુરંત ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. આ મકાનમાં પરિવાર વસવાટ કરતો હોવાથી ક્ષણભર માટે સૌના જીવ તાળવે ચોંટી ગયા હતા. પરંતુ કુદરતની મહેરબાનીથી ઘટના બનવાના સમયે પરિવારના સભ્યો સુરક્ષિત સ્થળે હાજર હોવાથી કોઈ મોટી જાનહાનિ થવા પામી નહોતી. જોકે, મકાનનો એક ભાગ ધરાશાયી થઈ જતાં ઘરમાલિકને ભારે આર્થિક અને માલમત્તાનું નોંધપાત્ર નુકસાન પહોંચ્યું છે. ઘટનાની જાણ થતાં જ વડોદરા મહાનગરપાલિકાના ઉચ્ચ અધિકારીઓનો કાફલો તાત્કાલિક સ્થળ પર દોડી આવ્યો હતો અને પરિસ્થિતિનો તાગ મેળવી સમગ્ર મામલે તપાસ શરૂ કરી હતી. બીજી તરફ, આ ઘટનાને પગલે સ્થાનિક રહીશોમાં પાલિકા અને કોન્ટ્રાક્ટરની કામગીરી સામે તીવ્ર આક્રોશ ફાટી નીકળ્યો છે. સ્થાનિકોનું સ્પષ્ટ કહેવું છે કે જો મહાનગરપાલિકાના કર્મચારીઓ કે કોન્ટ્રાક્ટરે પૂરતી સુરક્ષા અને તકેદારી રાખીને કામગીરી કરી હોત, તો આ પ્રકારની જોખમી ઘટના ટાળી શકાઈ હોત. રહીશોએ માંગ કરી છે કે આ સમગ્ર મામલાની તટસ્થ તપાસ કરવામાં આવે, જવાબદારો સામે કડક કાર્યવાહી કરવામાં આવે અને નુકસાન પામેલા પરિવારને યોગ્ય વળતર ચૂકવવામાં આવે.

૧૦થી વધુ કાર્યકરોની અટકાયત કરવામાં આવી

જંતર-મંતર લાઠીચાર્જના વિરોધમાં વડોદરા કોંગ્રેસનું વિરોધ પ્રદર્શન

(પ્રતિનિધિ) વડોદરા,તા.21

દિલ્હીના જંતર-મંતર ખાતે નીટ મુદ્દે વિરોધ કરી રહેલા વિદ્યાર્થીઓ પર થયેલા પોલીસ લાઠીચાર્જના પડઘા હવે વડોદરા સુધી પહોંચ્યા છે. વિદ્યાર્થી હિત રક્ષક સમિતિની આગેવાની હેઠળ કોંગ્રેસના કાર્યકરોએ ગાંધીનગર ગૃહ રોડ પર ઉગ્ર વિરોધ નોંધાવ્યો હતો. નીટ પરીક્ષામાં કથિત ગેરરીતિ અને કૌભાંડનો આક્ષેપ કરી કાર્યકરોએ શિક્ષણ મંત્રીના રાજીનામાની માંગ સાથે સરકાર વિરોધી સૂત્રોચ્ચાર કર્યા હતા. સ્થિતિ ઉગ્ર બનતા પોલીસે 10થી વધુ કાર્યકરોની અટકાયત કરી હતી. વડોદરાના ગાંધીનગર ગૃહ રોડ પર આજે કોંગ્રેસ અને વિદ્યાર્થી હિત રક્ષક સમિતિ દ્વારા વિરોધ કાર્યક્રમ યોજાયો હતો. દિલ્હીના જંતર-મંતર ખાતે વિદ્યાર્થીઓ પર થયેલા પોલીસ લાઠીચાર્જના વિરોધ સાથે નીટ પરીક્ષામાં થયેલી કથિત ગેરરીતિનો મુદ્દો પણ ઉઠાવવામાં આવ્યો હતો. પ્રદર્શન દરમિયાન કાર્યકરોએ શિક્ષણ બચાવો, ઈન્કલાબ જિંદાબાદ અને સરકાર વિરોધી સૂત્રોચ્ચાર સાથે શિક્ષણ મંત્રીના રાજીનામાની ઉગ્ર માંગ કરી હતી. હાથમાં પોસ્ટર અને પ્લેકાર્ડ લઈને કાર્યકરો રસ્તા પર ઉતર્યા હતા અને સરકાર સામે વિરોધ વ્યક્ત કર્યો હતો. વિરોધને ધ્યાનમાં રાખી રાવપુરા પોલીસનો કાફલો સ્થળ પર પહોંચ્યો હતો. પોલીસે પ્રદર્શનકારીઓને સમજાવવાનો પ્રયાસ કર્યો, પરંતુ વિરોધ ચાલુ રહેતા 10થી વધુ કોંગ્રેસી આગેવાનો અને કાર્યકરોની અટકાયત કરી તેમને પોલીસ વાહનમાં બેસાડી પોલીસ સ્ટેશન લઈ જવામાં આવ્યા હતા. સમગ્ર ઘટનાને પગલે ગાંધીનગર ગૃહ રોડ વિસ્તારમાં થોડા સમય માટે ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો. કોંગ્રેસે સરકાર પર શિક્ષણ વ્યવસ્થામાં નિષ્ફળતા અને વિદ્યાર્થીઓના પ્રશ્નોની અવગણના કરવાનો આક્ષેપ કર્યો છે.

વડોદરા-રતલામ ડ્રગ્સ સપ્લાય ચેઇનનો પર્દાફાશ

જામ્બુવા ચેક પોસ્ટ પાસેથી ૫૦ ગ્રામ એમ.ડી. ડ્રગ્સ સાથે પેડલર ઝડપાયો

મોબાઇલ સહિત રૂ.૧.૫૪ લાખનો મુદ્દામાલ જપ્ત, બે આરોપી વોન્ટેડ

(પ્રતિનિધિ) વડોદરા,તા.21

વડોદરા શહેરને નશામુક્ત બનાવવા પોલીસ કમિશ્નરની હેઠળ એસઓજી અને મકરપુરા પોલીસે સંયુક્ત જામ્બુવા પોલીસ ચેક પોસ્ટ પાસે દરોડો પાડી મેફેડ્રોન ડ્રગ્સના જથ્થા સાથે એક શખ્સને ઝડપી પાડ્યો છે. પોલીસે રૂ.1.54 લાખનો મુદ્દામાલ કબજે કરી સપ્લાયર સહિત બે લોકોને સહિત બેને વોન્ટેડ જાહેર કર્યા છે. એસઓજીને બાતમી મળી હતી કે યાકુતપુરાનો સમીર અમીનખાન પઠાણ જામ્બુવા હાઇવે ઓવરબ્રિજ તરફથી શંકાસ્પદ હાલતમાં આવી રહ્યો છે. બાતમીના આધારે મકરપુરા પોલીસ અને એસઓજીની ટીમે કાર્યવાહી કરી સમીરની તપાસ કરતાં તેની પાસેથી 49 ગ્રામ 690 મિલીગ્રામ મેફેડ્રોન (એમ.ડી.) ડ્રગ્સ કિંમત રૂ.1.49 લાખ હોવાનું જાણવા મળ્યું હતું. તેની પાસેથી એક મોબાઇલ કુલ રૂ.1.54 લાખનો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો હતો. પૂછપરછ દરમિયાન સમીરે પોલીસને જણાવ્યું હતું કે હાથીખાનાના લાલાભાઈ દુધવાલાએ રૂ.5 હજાર કમિશન આપીને તેને મધ્યપ્રદેશના રતલામ જિલ્લાના થાંદલા ખાતે રહેતા જુબેર પઠાણ પાસેથી એમ.ડી. ડ્રગ્સ લાવવા મોકલ્યો હતો. સમીર ખાનગી લક્ઝરી બસ મારફતે થાંદલા ગયો હતો અને ત્યાંથી ડ્રગ્સનો જથ્થો લઈને વડોદરા પરત ફર્યો હતો. જામ્બુવા ચેક પોસ્ટ પાસે પહોંચતા પહેલાં જ પોલીસે તેને ઝડપી લીધો હતો. પ્રાથમિક તપાસમાં આરોપીઓ મોબાઈલ ફોન મારફતે સતત સંપર્કમાં રહી નાણાકીય લેવડદેવડ કરીને આંતરરાજ્ય સ્તરે માદક પદાર્થોની હેરાફેરી કરતા હોવાનું સામે આવ્યું છે. પોલીસે સમીર અમીનખાન પઠાણની ધરપકડ કરી છે, જ્યારે લાલાભાઈ દુધવાલા અને જુબેર પઠાણને વોન્ટેડ જાહેર કરીને તેમની શોધખોળ શરૂ કરી છે.

૨૫૦ શિક્ષકો એચપીસીના વર્કશોપમાં હાજર

હોલિસ્ટિક પ્રોગ્રેસ કાર્ડના અમલીકરણ અંગે તાલીમ

(પ્રતિનિધિ) વડોદરા,તા.21

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગરના પાયલોટ પ્રોજેક્ટ હેઠળ જિલ્લાની પસંદગી પામેલી દરેક શાળાના એચપીસી હોલિસ્ટિક પ્રોગ્રેસ કાર્ડ કામગીરી સાથે સંકળાયેલા એક શિક્ષકને તાલીમ આપવામાં આવી હતી. બરોડા હાઈસ્કૂલ, અલકાપુરી, કેમ્પસ ખાતે આયોજિત વર્કશોપમાં નેપ-2020 અંતર્ગત એચપીસીના અસરકારક અમલીકરણ, મૂલ્યાંકન પદ્ધતિ, રિપોર્ટીંગ, અમલીકરણની પ્રક્રિયા અને અન્ય સંબંધિત મુદ્દાઓ અંગે વિગતવાર માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. નોંધનીય છે કે,હોલિસ્ટિક પ્રોગ્રેસ કાર્ડ દ્વારા વિદ્યાર્થીના શૈક્ષણિક પ્રદર્શનની સાથે સાથે સર્જનાત્મકતા, સામાજિક ભાવનાત્મક કૌશલ્યો અને વ્યક્તિગત વિકાસનું પણ મૂલ્યાંકન કરવામાં આવશે. ડીઈઓ મહેશ પાંડેએ જણાવ્યું હતું કે, સેન્ટ્રલ ઝોન વડોદરા ખાતે સાત જિલ્લાના ડીઈઓ તેમજ 250 જેટલા શિક્ષકોનો એચપીસીનો વર્કશોપ રાખવામાં આવ્યો હતો. 360 ડીગ્રી એમનું મૂલ્યાંકન કરવાનું છે. માત્ર બૌદ્ધિક મૂલ્યાંકન નહીં પરંતુ, એમનું બાળકોનું બૌદ્ધિક સામાજિક ભાવનાત્મક શારીરિક નૈતિક તેમજ તમામ પાસાઓનું મૂલ્યાંકન થાય. એમાં માત્ર શિક્ષક જ મૂલ્યાંકન કરે એવું નહીં, એમના વાલીઓ મૂલ્યાંકન અને સમાજ સાથે પણ મૂલ્યાંકન કરે.

વાહનચાલકો સામે કડક કાર્યવાહીની માગ

ગોત્રી-સેવાસી રોડ પર ડમ્પરનો ત્રાસ, ડમ્પરે કારને અડફેટે લેતા અકસ્માત

ટ્રાફિક નિયમોનો ઊલાળીઓ કરીને નિર્દોષ વાહનચાલકોને અડફેટમાં લેતા ડમ્પર ચાલકો

(પ્રતિનિધિ) વડોદરા તા.21

ગોત્રી-સેવાસી રોડ અવારનવાર સર્જાતા અકસ્માતોને કારણે સતત ચર્ચામાં રહે છે, ત્યારે તાજેતરમાં નાયરા પેટ્રોલ પંપ પાસે વધુ એક ગંભીર અકસ્માતની ઘટના સામે આવી છે. ગોત્રી-સેવાસી રોડ પર પૂરઝડપે અને બેફામ રીતે દોડતા એક ડમ્પરના ચાલકે કારને જોરદાર અડફેટે લેતા મોટો અકસ્માત સર્જાયો હતો. અકસ્માત સર્જાતાની સાથે જ માર્ગ પર ભારે ટ્રાફિક જામ થઈ ગયો હતો અને સ્થાનિકોના ટોળાં એકઠા થઈ ગયા હતા.

આ વિસ્તારમાં દિવસેને દિવસે અકસ્માતોની સંખ્યામાં ચિંતાજનક વધારો થઈ રહ્યો છે. ગોત્રી-સેવાસી રોડ પર ડમ્પર ચાલકો ટ્રાફિકના તમામ નીતિ-નિયમોના ધજાગરા ઉડાડીને યમદૂતની જેમ વાહનો હંકારી રહ્યા છે. તંત્ર કે પોલીસનો કોઈ જ ડર ન હોય તેમ આ માર્ગ પર દિવસમાં બે થી ત્રણ વખત નાના-મોટા અકસ્માતો સર્જાય છે, જેના કારણે નિર્દોષ વાહનચાલકો અને રાહદારીઓનો જીવ સતત જોખમમાં મુકાઈ રહ્યો છે. સતત વધી રહેલા અકસ્માતોને પગલે વિસ્તારના સ્થાનિક રહીશોમાં ભારે ભય અને રોષનો માહોલ વ્યાપી ગયો છે. અવારનવાર બનતી ઘટનાઓ છતાં આ બેફામ ડમ્પર ચાલકો પર કડક રોકટોક કે કાનૂની કાર્યવાહી કરવામાં આવતી નથી. આ અકસ્માત બાદ સ્થાનિકોએ વહીવટી તંત્ર અને ટ્રાફિક પોલીસ પાસે માંગ કરી છે કે બેફામ દોડતા ડમ્પર ચાલકો સામે તાત્કાલિક ધોરણે કડક પગલાં લેવામાં આવે અને રોડ પર યોગ્ય ટ્રાફિક નિયંત્રણ લાદવામાં આવે જેથી નિર્દોષ લોકોના જીવ બચાવી શકાય.

રોકડ સહિત રૂ.૪૭,૯૩૪નો મુદ્દામાલ જપ્ત

ગોત્રી વિસ્તારમાં ગાંજાનું વેચાણ કરતી મહિલા ઝડપાઈ

(પ્રતિનિધિ), વડોદરા. તા.૨૧

ગોત્રીના હાઈટેન્શન રોડ પર સંતોષનગર વિસ્તારમાં જય માતાજી પ્રોવિઝન સ્ટોર નજીક એક મહિલા સફેદ રંગની એક્ટિવાની ડિકીમાં ગાંજો રાખી તેનું વેચાણ કરે છે. તેવી બાતમીના આધારે પોલીસે દરોડો પાડતા બકુલાબેન રમેશચંદ્ર ચર્તુવેદી (રહે. તક્ષશિલા-2, તોરણ સોસાયટી પાસે, ગોત્રી)ને ઝડપી પાડી હતી. તપાસ દરમિયાન એક્ટિવાની ડિકીમાંથી 242.68 ગ્રામ વજનનો ગાંજો, કિંમત રૂ.12 હજાર, એક વીવો કંપનીનો મોબાઈલ ફોન, રોકડ અને રૂ.30 હજાર કિંમતની એક્ટિવા મળી રૂ.47 હજારનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

મહિલા પાસેથી મળેલી પ્રાથમિક તપાસમાં ઝડપાયેલી મહિલાને ગાંજો વડુ ગામ વિસ્તારમાં રહેતા સુરતી નામના શખ્સે સપ્લાય કર્યો હોવાનું બહાર આવ્યું છે. હાલ તેનો સંપૂર્ણ પતો મળી આવ્યો નથી અને તેની શોધખોળ હાથ ધરવામાં આવી છે.ઝડપાયેલી મહિલા સામે અગાઉ હરણી પોલીસ સ્ટેશનમાં વર્ષ 2020 દરમિયાન NDPS એક્ટ હેઠળ બે ગુનાઓ નોંધાયેલા છે. હાલ પોલીસે સપ્લાયરની ધરપકડ માટે તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.

બરાનપુરામાં કિશોરીએ ફિનાઈલ ગટગટાવી લીધુ

(પ્રતિનિધિ), વડોદરા. તા.૨૧

શહેરના બરાનપુરા વિસ્તારમાં એક હૃદયદ્રાવક ઘટના સામે આવી છે, જ્યાં ૧૭ વર્ષીય કિશોરીએ કોઈ અજાણ્યા કારણસર આવેશમાં આવી જઈ ફિનાઈલના ઘુંટડા પી લીધા હતા. પ્રાપ્ત વિગતો અનુસાર, બરાનપુરા પેટ્રોલ પંપ પાસે રહેતી એક ૧૭ વર્ષીય યુવતીએ ગત રાત્રે આશરે ૧૨:૧૦ વાગ્યે પોતાના ઘરે હાજર હતી. તે દરમિયાન અચાનક જ કોઈ અગમ્ય કારણોસર આવેશમાં આવી ઘરમાં રહેલું ફિનાઈલ પી લીધું હતું. ફિનાઈલ પીધા બાદ તરત જ તેમને ઉલ્ટીઓ શરૂ થઈ જતા પરિવારજનો ચિંતામાં મુકાયા હતા. પરિવારજનો દ્વારા તાત્કાલિક ધોરણે કિશોરીને સારવાર અર્થે શહેરની સયાજી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. જ્યાં સમયસર યોગ્ય તબીબી સારવાર મળી રહેવાથી હાલ તેમની તબિયત સુધારા પર હોવાનું જાણવા મળ્યું છે.

વરસાદ વિના જ ગટર ઉભરાતાં અંડરપાસ બંધ કરવાની નોબત આવી

દિનેશ મીલ રેલવે અંડરપાસમાં બીજા દિવસે પણ ગટરના પાણીનો ભરાવો

જેતલપુર બ્રિજ પર વાહન વ્યવહારનું ભારણ વધ્યું, તીવ્ર દુર્ગંધથી સ્થાનિકો અને રાહદારીઓ ત્રસ્ત

વડોદરાઃ શહેરના સયાજીગંજ વિસ્તારમાં આવેલા પરશુરામ ભઠ્ઠા પાસે સ્થિત દિનેશ મીલ રેલવે અંડરપાસમાં ગટરના ગંદા પાણી ભરાઈ જવાની ગંભીર સમસ્યા સતત બીજા દિવસે પણ યથાવત રહી છે. ગઈકાલથી અંડરપાસમાં ગટર લાઈનના દૂષિત પાણી ફરી વળતા અહીંથી થતી વાહનોની અવરજવર સંપૂર્ણપણે ઠપ થઈ ગઈ છે. મહાનગરપાલિકાના તંત્રની ઉદાસીનતા અને બેદરકારીના કારણે આજે બીજા દિવસે પણ દૂષિત પાણીના નિકાલની કોઈ યોગ્ય વ્યવસ્થા ન થતાં આ માર્ગ પરથી દૈનિક પસાર થતા હજારો વાહનચાલકો અને આસપાસના સ્થાનિક રહીશોને અત્યંત વિકટ પરિસ્થિતિનો સામનો કરવો પડી રહ્યો છે. સામાન્ય રીતે ચોમાસાની સીઝન દરમિયાન ભારે વરસાદ પડે ત્યારે અંડરપાસમાં પાણી ભરાવાની ઘટનાઓ સામે આવતી હોય છે, પરંતુ હાલમાં કોઈ જ વરસાદ ન હોવા છતાં માત્ર ગટર લાઈનના ઉભરાતા ગંદા પાણીના કારણે આખો અંડરપાસ જળબંબાકાર થઈ જતાં મહાનગરપાલિકાની ડ્રેનેજ લાઈન મેન્ટેનન્સ અને કામગીરીની પોલ ખુલ્લી પડી ગઈ છે. આ અંડરપાસ સયાજીગંજ અને આસપાસના વિસ્તારોને જોડતો અત્યંત મહત્વનો માર્ગ હોવાથી રોજના હજારો નાગરિકો તેનો ઉપયોગ કરે છે. જોકે, અંડરપાસ બંધ થઈ જતાં સ્થાનિક લોકો, નોકરિયાત વર્ગ અને વાહનચાલકોને પોતાના ગંતવ્ય સ્થાન સુધી પહોંચવા માટે જેતલપુર બ્રિજ સહિતના લાંબા અને વૈકલ્પિક માર્ગોનો સહારો લેવાની ફરજ પડી રહી છે, જેના પરિણામે જેતલપુર રોડ પર વાહનવ્યવહારનું ભારણ વધતાં ટ્રાફિક જામની સમસ્યા પણ સર્જાઈ રહી છે. બીજી તરફ, અંડરપાસમાં સતત બીજા દિવસે ગટરના ભરાયેલા દૂષિત પાણીના કારણે સમગ્ર વિસ્તારમાં તીવ્ર દુર્ગંધ અને ગંદકીનું સામ્રાજ્ય વ્યાપી ગયું છે.

૧૦ ગામોમાં ડોર-ટુ-ડોર સર્વેલન્સ

ચારણપુરામાં ચાંદીપુરા વાયરસનો શંકાસ્પદ કેસ

(પ્રતિનિધિ) વડોદરા તા.21

વડોદરા જિલ્લાના ચારણપુરા ગામમાં ચાંદીપુરા વાયરસ નો એક શંકાસ્પદ કેસ સામે આવતા સમગ્ર પંથક સહિત જિલ્લાના આરોગ્ય તંત્રમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે. શંકાસ્પદ લક્ષણો ધરાવતા બાળકની માહિતી મળતાની સાથે જ જિલ્લા આરોગ્ય શાખા તાત્કાલિક હરકતમાં આવી ગઈ છે. બનાવની ગંભીરતાને ધ્યાને રાખીને તંત્ર દ્વારા ચારણપુરા સહિત આસપાસના ૧૦ ગામોમાં વ્યાપક સર્વેલન્સ, કીટકનાશક દવાનો છંટકાવ અને અટકાયતી પગલાં ગતિશીલ બનાવી દેવામાં આવ્યા છે.

મળતી વિગતો અનુસાર, ચારણપુરા વિસ્તારમાં રહેતા એક બાળકમાં અચાનક તીવ્ર તાવ, માથાનો દુખાવો અને ચાંદીપુરા વાયરસને મળતા આવતા લક્ષણો જોવા મળ્યા હતા. બનાવ અંગે સ્થાનિક આરોગ્ય કેન્દ્રને જાણ થતા જ મેડિકલ ટીમ તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી અને બાળકને સારવાર હેઠળ ખસેડવામાં આવ્યું હતું. બાળકના લોહી તથા અન્ય તબીબી સેમ્પલો મેળવીને પુણે સ્થિત નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ વાયરોલોજી ખાતે લેબોરેટરી પરીક્ષણ અર્થે મોકલી આપવામાં આવ્યા છે, જેનો રિપોર્ટ આવ્યા બાદ જ આખરી પુષ્ટિ થઈ શકશે. ચાંદીપુરા વાયરસનો સંભવિત રોગચાળો ફેલાતો અટકાવવા માટે આરોગ્ય વિભાગ દ્વારા ૧૦ ગામોને આવરી લેતું વિશેષ માઈક્રો પ્લાનિંગ તૈયાર કરવામાં આવ્યું છે. આ ગામોમાં આરોગ્ય કાર્યકરો, આશા બહેનો અને મલ્ટી પર્પઝ હેલ્થ વર્કર્સ ની અલગ-અલગ ટીમો બનાવીને ડોર-ટુ-ડોર સર્વે હાથ ધરવામાં આવી રહ્યો છે. દરેક ઘરમાં ૧૪ વર્ષ સુધીના બાળકોના સ્વાસ્થ્યની બારીકાઈથી તપાસ કરવામાં આવી રહી છે. જો કોઈ બાળકમાં તાવ કે અસામાન્ય લક્ષણ દેખાય તો તેને તાત્કાલિક રીફર કરવાની વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે આ વાયરસ મુખ્યત્વે સેન્ડફ્લાય ના કરડવાથી ફેલાતો હોય છે.

સિલ્વરસ્ટોર્મ પાર્ક્સ એન્ડ રિસોર્ટ્સનો IPO ૨૪ જુલાઈથી ખુલશે

વડોદરા : ઇન્ટિગ્રેટેડ એમ્યુઝમેન્ટ ડેસ્ટિનેશન ક્ષેત્રે કાર્યરત સિલ્વરસ્ટોર્મ પાર્ક્સ એન્ડ રિસોર્ટ્સ લિમિટેડનો પ્રારંભિક જાહેર શેર વેચાણ (IPO) 24 જુલાઈ, 2026ના રોજ ખુલશે અને 28 જુલાઈના રોજ બંધ થશે. કંપની આ ઈશ્યૂ દ્વારા અપર પ્રાઇઝ બેન્ડ મુજબ 82.43 કરોડ એકત્ર કરવાની યોજના ધરાવે છે. IPO માટે પ્રાઇઝ બેન્ડ 123થી 133 પ્રતિ શેર નક્કી કરવામાં આવ્યો છે, જ્યારે અરજી માટે લઘુત્તમ 2,000 ઇક્વિટી શેર ખરીદવાના રહેશે. કંપની કુલ 61.98 લાખ ફ્રેશ ઇક્વિટી શેર જારી કરશે. IPOમાંથી મળનારી ચોખ્ખી રકમનો ઉપયોગ લખનઉમાં સ્નો પાર્ક અને ફેમિલી એન્ટરટેઇનમેન્ટ સેન્ટર (FEC) વિકસાવવા, કેરળના અથિરાપિલી થીમ પાર્કના વિસ્તરણ અને આધુનિકીકરણ, ઉધારની ચુકવણી તથા સામાન્ય કોર્પોરેટ હેતુઓ માટે કરવામાં આવશે. એન્કર બિડિંગ 23 જુલાઈએ યોજાશે .

કરંટ કઈ રીતે લાગ્યો તે અંગે આંતરિક તપાસ શરૂ

સમા-સાવલી રોડ પર કામગીરી વેળા વીજકર્મીને કરંટ લાગ્યો, હાલત ગંભીર

(પ્રતિનિધિ) વડોદરા,તા.21

વડોદરા શહેરના સમા-સાવલી રોડ પર વીજ કંપનીની કામગીરી દરમિયાન એક ગંભીર અકસ્માત સર્જાયો હતો. લાઈનની જાળવણી કરી રહેલા એક વીજકર્મીને અચાનક જોરદાર કરંટ લાગતા સમગ્ર વિસ્તારમાં દોડધામ મચી ગઈ હતી. વીજ કંપની ટીમ સમા-સાવલી રોડ વિસ્તારમાં વીજ જોડાણો અને વીજ લાઈનની રૂટિન ચેકિંગ તથા રિપેરિંગની કામગીરી કરી રહી હતી. આ દરમિયાન એક કર્મચારી લાઈન પર કામ કરી રહ્યો હતો ત્યારે તેને અચાનક કરંટ લાગ્યો હતો. ઘટના બનતા જ સાથી કર્મચારીઓ અને નજીકમાં હાજર સ્થાનિક લોકો તાત્કાલિક ઘટના સ્થળે દોડી આવ્યા હતા. તાત્કાલિક સારવાર માટે ઈજાગ્રસ્ત વીજકર્મીને 108 એમ્બ્યુલન્સ મારફતે નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. ડોક્ટરોના જણાવ્યા અનુસાર કર્મચારીની હાલત ગંભીર છે અને તેને દાખલ કરીને સારવાર આપવામાં આવી રહી છે. અકસ્માતની વાત ફેલાતા જ ઘટના સ્થળે મોટી સંખ્યામાં લોકોના ટોળા એકત્ર થઈ ગયા હતા. વીજ કંપનીના ઉચ્ચ અધિકારીઓ અને સ્થાનિક પોલીસ પણ તાત્કાલિક સ્થળે પહોંચી ગઈ હતી. પોલીસે સમગ્ર વિસ્તારને કોર્ડન કરીને આગળની કાર્યવાહી હાથ ધરી છે. વીજ કંપનીના અધિકારીઓએ જણાવ્યું હતું કે, અકસ્માતનું ચોક્કસ કારણ હજુ જાણી શકાયું નથી. સેફ્ટીના નિયમોનું પાલન થયું હતું કે કેમ અને કરંટ કઈ રીતે લાગ્યો તે અંગે આંતરિક તપાસ શરૂ કરવામાં આવી છે. આ ઘટનાને પગલે સમા-સાવલી રોડ અને આસપાસના વિસ્તારમાં થોડા સમય માટે વીજ પુરવઠો બંધ રાખવામાં આવ્યો હતો. સ્થાનિકોએ વીજકર્મીઓની સુરક્ષા માટે વધુ સાવચેતી રાખવાની માંગ કરી છે.

તેજા એન્જિનિયરિંગને ONGC તરફથી ૧૮.૧૯ કરોડના ઓ&એમ ઓર્ડર

વડોદરાઃ તેજા એન્જિનિયરિંગ ઇન્ડસ્ટ્રીઝ લિમિટેડને ઓઇલ એન્ડ નેચરલ ગેસ કોર્પોરેશન (ONGC) તરફથી કુલ 181.92 મિલિયન (આશરે 18.19 કરોડ)ના ઓપરેશન અને મેન્ટેનન્સ (ઓ|એમ) કોન્ટ્રાક્ટ મળ્યા છે. કંપનીને રાજમુન્દ્રી એસેટના મંડપેટા અને તાતીપાકા એલપી ગેસ કમ્પ્રેશન ફેસિલિટીઝ માટે GeM મારફતે 153.70 મિલિયનનો ત્રણ વર્ષનો ઓ|એમ કોન્ટ્રાક્ટ મળ્યો છે. ઉપરાંત, ONGC અંકલેશ્વર એસેટ હેઠળ GCP-I, GCP-IV અને GCS મોટવાણ માટે 28.23 મિલિયનનો છ મહિનાનો ઓર્ડર પણ પ્રાપ્ત થયો છે. તેજા એન્જિનિયરિંગ ONGC ઉપરાંત GAIL, અદાણી, AG|P, BPCL, IOAGPL, ટોરેન્ટ ગેસ, ATGL, ThinkGas, ગુજરાત ગેસ અને SGL જેવી અગ્રણી કંપનીઓ માટે એન્જિનિયરિંગ, કમિશનિંગ અને લાંબા ગાળાની ઓ|એમ સેવાઓ આપી રહી છે.

છેલ્લા ૭ મહિનાથી એક તરફનો માર્ગ બંધ રહેતાં દર મહિને રૂ. 30 હજારનું નુકસાન

હરીનગર બ્રિજ નીચે ડ્રેનેજ લાઈનની કામગીરીથી વેપારીઓને આર્થિક ફટકો

વેપારીઓએ મિલકત વેરામાં રાહત આપવા માગ કરી

વડોદરાઃ સંસ્કારી નગરી વડોદરાના ગોત્રી વિસ્તારમાં આવેલા હરીનગર બ્રિજ નીચે છેલ્લા ૬ થી ૭ મહિનાથી ચાલી રહેલી ડ્રેનેજ લાઇનની કામગીરી સ્થાનિક વેપારીઓ માટે આશીર્વાદને બદલે અભિશાપ સાબિત થઈ રહી છે. તંત્રની ધીમી અને અણઘડ કામગીરીના કારણે એક તરફનો મુખ્ય માર્ગ લાંબા સમય થી સંપૂર્ણપણે બંધ કરી દેવામાં આવ્યો છે. જેના સીધા પરિણામે આ વિસ્તારના વેપારીઓને ભારે આર્થિક ફટકો પડ્યો છે અને તેમનો રોજીંદો વેપાર-ધંધો ચોપટ થઈ ગયો હોવાના ગંભીર આક્ષેપો ઉઠ્યા છે. સ્થાનિક વેપારીઓએ પોતાનો આક્રોશ વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, રસ્તો બંધ હોવાના કારણે ગ્રાહકોની અવરજવર નહિવત થઈ ગઈ છે. જેના લીધે તેમના ધંધામાં આશરે ૭૦ ટકા જેટલો મોટો ઘટાડો નોંધાયો છે. પરિસ્થિતિ એટલી વિકટ બની ગઈ છે કે છેલ્લા છ મહિનાથી વેપારીઓને પ્રતિ માસ રૂ. ૩૦ હજારથી પણ વધુનું મોટું આર્થિક નુકસાન સહન કરવાનો વારો આવ્યો છે. ધંધો ઠપ્પ થઈ જતાં પરિવારનું ગુજરાન ચલાવવું મુશ્કેલ બન્યું છે, એટલું જ નહીં પરંતુ ધંધા-વ્યવસાય માટે બેંકોમાંથી લીધેલી લોનના માસિક હપ્તા ભરવામાં પણ વેપારીઓ ભારે મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે. વેપારીઓનું સ્પષ્ટ માનવું છે કે શહેરના વિકાસ માટે ગટર અને ડ્રેનેજ જેવા કામો ખૂબ જ જરૂરી છે અને તેઓ તેનો વિરોધ કરતા નથી. પરંતુ આવા કાર્યો યોગ્ય આયોજન સાથે અને નિર્ધારિત સમયમર્યાદામાં પૂર્ણ થવા જોઈએ, જેથી સ્થાનિક નાગરિકો અને વેપારીઓની રોજીરોટી પર તેની ન્યૂનતમ અસર પડે. આર્થિક ફટકાને ધ્યાને રાખીને તંત્ર દ્વારા મિલકત વેરા સહિતના ટેક્સમાં રાહત આપવામાં આવે તેવી પણ માંગણી ઉઠાવવામાં આવી છે.